પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૬૯ | ૧૧ ડિસેમ્બર, ૨૦૨૨, રવિવાર; માગશર વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# આવતીકાલે ભૂપેન્દ્રભાઈનું રાજતિલક

## ધારાસભ્યોની સર્વસંમતીથી ભૂપેન્દ્ર પટેલની મુખ્યમંત્રી તરીકે પસંદગી : કમલમમાં ધારાસભ્ય દળની બેઠક યોજાઈ હતી : આ બેઠક માટે ભુપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલ સહિત ભાજપના નેતાઓ હાજર રહ્યા









ગાંધીનગર, તા.૧૦

નાણાં મંત્રી કનુ દેસાઈએ ધારાસભ્ય દળના નેતા તરીકે પ્રસ્તાવ મુક્યો હતો. જેમાં સર્વ સંમિતિથી ભુપેન્દ્ર પટેલની મુખ્યમંત્રી તરીકે પસંદગી કરવામાં આવી છે. ભુપેન્દ્ર પટેલ ગુજરાતમાં બીજી વખત મુખ્યમંત્રી તરીકે પસંદ થયા છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે જંગી બહુમતી મેળવીને જીત હાંસિલ કરી છે. ત્યારે હવે ગાંધીનગર ખાતે નવી સરકાર રચવા માટે ભાજપે કવાયત તેજ કરી દીધી છે. નવી સરકાર રચવા માટે પાર્ટીએ સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ, કેન્દ્રીય મંત્રી અર્જુન મુંડા અને કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી યેદીયુરપ્પાની નિરીક્ષકો તરીકે નિમણુંક કરી છે. આજે કમલમમાં ધારાસભ્ય દળની બેઠક યોજાઈ હતી. આ બેઠક માટે ભુપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલ સહીત ભાજપના નેતાઓ કમલમ ખાતે હાજર રહ્યા હતા. આ બેઠકમાં નાણાં મંત્રી કનુ દેસાઈએ ધારાસભ્ય દળના નેતા તરીકે પ્રસ્તાવ મુક્યો હતો. જેમાં સર્વ સંમિતિથી ભુપેન્દ્ર પટેલની મુખ્યમંત્રી તરીકે પસંદગી કરવામાં આવી છે. ભુપેન્દ્ર પટેલ ગુજરાતમાં બીજી વખત મુખ્યમંત્રી તરીકે પસંદ થયા છે. હવે ૧૨મી ડિસેમ્બરે નવી સરકારની શપથવિધી યોજાશે.

ગુજરાતમા ૧૪મી વિધાનસભાનો કાર્યકાળ જાન્યુઆરી મહિના સુધી છે. આ માટે સરકારની મુદ્દત હજુ બાકી હોવાથી ૧૪મી વિધાનસભાનું વિસર્જન કરવામાં આવ્યું હતું. ગુજરાતના વર્તમાન સીએમ ભુપેન્દ્ર પટેલે રાજયપાલને રાજીનામુ આપ્યા બાદ રાજયપાલે ૧૪મી વિધાનસભાના વિસર્જનનો હુકમ જાહેર કર્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજભવન ખાતે રાજયપાલને રાજીનામું આપ્યા બાદ હવે નવી સરકારની શપથવિધી ગાંધીનગરના હેલિપેડ ગ્રાઉન્ડ પર



યોજાશે. જેની તૈયારીઓ જોરશોરથી કરવામાં આવી રહી છે. તે ઉપરાંત ભાજપમાં પણ કમલમ ખાતે નવી સરકારની શપથવિધીને લઈને તૈયારીઓ શરૂ કરાઈ છે. નવી સરકારમાં કોને મંત્રી પદ મળશે તેની પણ ચર્ચાઓ જોરશોરથી શરૂ થઈ ગઈ છે. ત્યારે શપથવિધીમાં વડાપ્રધાન મોદી, ગૃહમંત્રી અમિત શાહ સહિત ગુજરાતની ચૂંટણીમાં પ્રચાર માટે આવેલા ભાજપના સ્ટાર પ્રચારકો પણ ઉપસ્થિત રહેશે.

ગુજરાતની ચૂંટણીમાં ભાજપે પ્રચાર માટે કાર્પેટ બોમ્બિંગ કર્યુ હતું. આ માટે ૪૦થી વધુ પ્રચારકોએ એક સાથે એક જ સમયે ગુજરાતમાં ચૂંટણી સભાઓ ગજવી હતી. ભાજપે જાહેર કરેલા સ્ટાર પ્રચારકોમાં પીએમ મોદી, ગૃહમંત્રી અમિત શાહ, ભાજપ અધ્યક્ષ જે.પી.નડ્ડા, યુપીના સીએમ યોગી આદિત્યનાથ, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ, એમપીના સીએમ શિવરાજસિંહ ચૌહાણ, આસામના સીએમ હેમંત શર્મા બિસ્વા સહિતના ૪૦ નેતાઓને સ્ટાર પ્રચારકો મેદાનમાં હતાં.

મોડી સાંજે પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલ અને પદનામિત મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ પહોંચ્યા હતા. જ્યાં મંત્રી મંડળના ગઢન અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમીતભાઈ શાહ સાથે વિચાર વિમર્શ કરી રાષ્ટ્રીય પ્રમુખ જે. પી. નડ્ડા પાસે મંજુરી મેળવશે. જે નામોની પસંદગી થશે તેમને કાલે સાંજ પછી ટેલિફોનિક જાણ કરવામાં આવશે.

આજે દિવસ દરમિયાન સંભવિત મંત્રીઓના સમર્થકો લોબીંગ કરતા હોવાની ચર્ચા પણ રાજકીય ગલિયારીઓમાં થતી હતી. જોકે, ભારતીય જનતા પાર્ટી હાઈકમાન્ડ સરપ્રાઈઝ આપવામાં માહિર છે. એટલે અણધાર્યા નામો આવી શકે છે અને ધારેલા નામો રહી પણ જાય એવું પણ બને. જોઈએ આવતીકાલે કોના નામોની ધોષણા થાય છે તે જોવાનું રહ્યું

# હિમાચલના મુખ્યમંત્રી પદે તરીકે સુખવિંદરસિંહ સુખુની પસંદગી

## મુકેશ અગ્નિહોત્રી ડેપ્યુટી સીએમ : હિમાચલ પ્રદેશમા મુખ્યપ્રધાન પદના નામ માટે બે દિવસથી ચાલી રહેલા મંથનનો અંત આવ્યો છે

નવી દિલ્હી, તા.૧૦

હિમાચલમાં નવા મુખ્યમંત્રી તરીકે કોંગ્રસ મોવડી મંડળે સુખવિંદર સિંહ સુખુના નામને મંજૂરી આપી છે. હિમાચલ પ્રદેશમાં કોંગ્રેસે ૬૮ બેઠકમાંથી ૪૦ બેઠકો જીતી છે. વિધાનસભા ચૂંટણી માટે ૧૨ નવેમ્બરે મતદાન થયું હતું અને ગુરુવારે પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. અગાઉ શુક્રવારે, હિમાચલ પ્રદેશમાં છૈંઝઝ પ્રભારી રાજીવ શુક્લા સાથે નિરીક્ષકો રાજયપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરને મળ્યા હતા અને પક્ષના વિજેતા ધારાસભ્યોની યાદી સોંપીને સરકાર રચવાનો દાવો કરવા માટે સમય માંગ્યો હતો. હિમાચલ પ્રદેશમા મુખ્યપ્રધાન પદના નામ



માટે બે દિવસથી ચાલી રહેલા મંથનનો અંત આવ્યો છે. જેમાં હવે સુખવિંદર સિંહ સુખુ રાજ્યના નવા સીએમ હશે. આ પૂર્વે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ પ્રતિભા સિંહ મુખ્યમંત્રી પદની રેસમાંથી બહાર થઈ ગયા હતા. તેની બાદ સુખવિંદર સિંહ સુખુ અને મુકેશ અગ્નિહોત્રીના નામ હાઈકમાન્ડને મોકલવામાં આવ્યા હતા. જ્યારે હાઈકમાન્ડે સુખવિંદર સિંહ સુખુના નામ પર પોતાની મહોર લગાવી દીધી છે. જ્યારે મુકેશ અગ્નિહોત્રીને રાજ્યના ડેપ્યુટી સીએમ બનાવવામાં આવ્યા છે. કોંગ્રેસ પક્ષમાં જૂથવાદને નકારી કાઢતા શુક્લાએ જણાવ્યું હતું કે, ધારાસભ્ય દળના નેતાના પદ માટે કોઈ નામ બહાર આવ્યું નથી અને ધારાસભ્યોએ સર્વસંમતિથી નિર્ણય લીધો હતો કે પક્ષના નેતૃત્વએ તેના પર નિર્ણય લેવો જોઈએ. તેમણે કહ્યું કે કોંગ્રેસ રાજ્યમાં સરકાર બનાવવાની તક મેળવીને ખુશ છે અને લોકોને આપવામાં આવેલી ૧૦ ગેરંટી પૂરી કરવા અને વધુ સારું શાસન પ્રદાન કરવા માટે તમામ પ્રયાસ કરશે.

આ પહેલા રાજીવ શુક્લા બઘેલ અને હુડ્ડા સાથે રાજ્યપાલને મળ્યા હતા અને તેમને પાર્ટીના વિજેતા ઉમેદવારોની યાદી સોંપી હતી. હરિયાણા કોંગ્રેસના વરિષ્ઠ નેતા કરણ સિંહ દલાલે રાજ્યપાલને મળેલા કોંગ્રેસના પ્રતિનિધિ મંડળનો ભાગ હતા. તેમણે પીટીઆઈ-ભાષાને જણાવ્યું હતું કે, યાદી આપતી વખતે તેમણે કહ્યું હતું કે, અમે સરકાર બનાવવાનો દાવો કરવા માટે સમય માંગવા આવ્યા છીએ.

રોયલ બંગલો ભાડે / વેચાણ

7B 2H 2KSs સાથે પર્સનલ લીફ્ટ, ૪ સાઈડ ઓપન, ગ્રાઉન્ડ + બે માળ, કુડાસણ

સંપર્ક : ૯૬૩૮૧૪૫૧૪૫

Ganpat University

ચિફ વૉર્ડન અને રેકટર

બોઈઝ અને ગર્લ્સ હોસ્ટેલ

"વિદ્યા દ્વારા સમાજનો ઉત્કર્ષ" સેવાના ધ્યેય સાથે શરૂ થયેલી ગણપત યુનિવર્સિટી વૈશ્વિક કક્ષાનું શિક્ષણ પ્રદાન અને ઉત્તમ ચારિત્ર્ય ઘડતરનુ ઉમદા કાર્ય કરી રહી છે.

ગણપત યુનિવર્સિટીની **Girls** (છોકરીઓ) અને **Boys** (છોકરાઓ) **હોસ્ટેલ** માટે **રેક્ટર** તથા **ચિફ વોર્ડન** ની તાત્કાલિક જરૂરિયાત છે. યોગ્ય શૈક્ષણિક લાયકાત તેમજ જરૂરી અનુભવ ધરાવતા ઉમેદવારો યુનિવર્સિટીની વેબસાઇટ પર આપેલ લિન્ક દ્વારા અથવા યુનિવર્સિટીની મુખ્ય ઓફિસમાં અરજી સાથે પોતાના શૈક્ષણિક તેમજ અનુભવના પ્રમાણપત્રો **તારીખ 21-12-2022, બુધવાર** પહેલા નીચે ના સરનામે મોકલી આપવા.

યુનિવર્સિટીની વેબસાઇટ www.guni.ac.in

રહેવા તથા જમવાની ફ્રી સુવિધા આપવામાં આવશે.

ગણપત યુનિવર્સિટી 63516 63379

ગણપત વિદ્યાનગર-૩૮૪૦૧૨, મહેસાણા-ગાંધીનગર હાઈવે, જી.મહેસાણા

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા

30g પ્રોટીન

₹49*/ 1 L

અમૂલ તાજા




500mL: ₹ 25* | 15g પ્રોટીન

*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદ અને સૌરાષ્ટ્રઃ 079-23969055/56/57.

Amul The Taste of India

ગુજરાતીઓને સૌપ્રથમ બોમ્બે સ્ટાઈલ ફયુઝન વડાપાંઉનો ચસકો લગાડનાર

જુગાડી હવે આપણા કુડાસણ, ગાંધીનગરમાં.....

ગુણવત્તામાં શ્રેષ્ઠ ભાવમાં બેસ્ટ જુગાડીના વડાપાંવ...

ફ્રી વડા પાવ

આવતી કાલે આઉટલેટના ઉદ્ઘાટન નીમિતે સર્વે ગાંધીનગરની જનતા માટે

ફ્રી તા. ૧૨.૧૨.૨૦૨૨ ના રોજ સવારે ૧૦.૦૦ વાગ્યા થી

ફ્રી તા. ૧૨.૧૨.૨૦૨૨ ના રોજ સવારે ૧૦.૦૦ વાગ્યા થી

JUGAADI SPOT

SABSE BADA JUGAADI KA VADA

જુગાડી સ્પોટ

Sabse Bada Jugaadi Ka Vada



22+ ON GOING OUTLETS

4+ OPENING SOON

દુકાન નં. બી-૩૮, પ્રમુખ આર્કેડ, રાજધાની સોસાયટીની પાસે, રીલાયન્સ ચાર રસ્તા, કુડાસણ, ગાંધીનગર - ૩૮૨૪૨૧.

FOR ORDERS

+91 91048 30964

We accept bulk orders & Corporate Orders

ALSO AVAILABLE

SWIGGY zomato

FOR FRANCHISEE RELATED INQUIRY CALL ON +91 99098 14220